ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. ૦૬-૦૭-૨૦૨૨

- **ભાજપ સરકારે નામદાર અદાલતમાં ઓ.બી.સી. અનામત બેઠકો માટે પક્ષ ન રજુ કરતા બક્ષીપંચ સમાજના પંચાયતોમાં હક્ક છીનવાશે.**
- **ભાજપ સરકારની બક્ષીપંચ વિરોધી નીતિ – અનામત નાબૂદ કરવાની નીતિ ખુલ્લી પડી.**

ભાજપ સરકારની બક્ષીપંચ વિરોધી નીતિ અનામત નાબૂદ કરવાની નીતિ પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, રાજ્ય ચૂંટણી આયોગના સચિવશ્રી દ્વારા તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓને પત્ર લખેલ છે તે મુજબ ગુજરાતમાં હવેથી ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં પંચાયત અધિનિયમ-૧૯૯૩ થી અમલમાં રહેલા અન્ય પછાત વર્ગો (OBC) માટે ૧૦ ટકા બેઠકો અનામત રહેશે નહીં. OBC અનામત રહેલી મહિલા અનામત સહિતની બેઠકોને સામાન્ય બેઠકમાં જાહેર કરીને ચૂંટણી જાહેરનામા સંબંધિત તાત્કાલિક કાર્યવાહી કરવા આદેશ કરાયા છે. ૨૦૨૧ ના અંતમાં મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં OBC રીઝર્વેશનના અમલ મુદ્દે સુપ્રિમ કોર્ટમાં પિટિશન દાખલ થઈ હતી. સદર કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટે ૧૯ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ દેશના તમામ રાજ્યોને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં OBC રીઝર્વેશનનું પ્રમાણ, બેઠકનો પ્રકાર અને રોટેશન સંદર્ભે નવેસરથી એક કમિશન રચીને વસ્તીને આધારે માપદંડો નિયત કરવા આદેશ કર્યો હતો. આ આદેશને **છ માસ જેટલો સમય વીતી જવા છતાં ગુજરાત સરકારે OBCને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં રીઝર્વેશન મળે તે માટે કમિશન રચીને વસ્તીના આધારે માપદંડો નક્કી કરવા કોઈ કાર્યવાહી કરેલ નથી**. રાજ્ય સરકાર દ્વારા સુપ્રિમ કોર્ટના આદેશને છ માસ જેટલો સમય થયો હોવા છતાં કોઈ કાર્યવાહી ન કરતાં અંતે ગુજરાતમાં આશરે ૩,૨૫૨ ગ્રામ પંચાયતોમાં ૧૦ ટકા OBC અનામતનો લાભ મળશે નહીં અને OBC સમાજને તેનો ભોગ બનાવવામાં આવશે.

રાજ્યમાં કુલ વસ્તીના ૫૨ ટકા જેટલી OBC સમાજની વસ્તી છે. રાજ્ય સરકારના નિર્ણયના કારણે OBC સમાજનું પ્રતિનિધિત્વ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાંથી દૂર થશે. રાજ્ય સરકારના આવા તઘલખી નિર્ણયનો ભોગ OBC સમાજ બનશે. આવા નિર્ણયો કરીને રાજ્ય સરકાર OBC સમાજને હાંસિયામાં ધકેલી દેવા માંગે છે કે કેમ ?

રાજ્યના સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં OBC સમાજને અનામતનો લાભ મળી રહે અને OBC સમાજને અન્યાય ન થાય તે માટે નામદાર સુપ્રિમ કોર્ટના આદેશ મુજબ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં OBC રીઝર્વેશનનું પ્રમાણ, બેઠકનો પ્રકાર અને રોટેશન સંદર્ભે તાત્કાલિક કમિશન રચીને તેની કાર્યવાહી નિયત સમયમર્યાદામાં પૂર્ણ થાય અ ૩,૨૫૨ ગ્રામ પંચાયતોની ચૂંટણીઓમાં OBC સમાજને અનામતનો લાભ મળી રહે તે માટે કોંગ્રેસ પક્ષ માંગ કરે છે. **અનામત નાબૂદ કરવાની ભાજપાની નીતિ સામે આક્રમકતાથી લડત આપશે.**

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા